જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/03/૨૦૧૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૩૬/૧૬

***પશ્ચિમ બંગાળના શેખ પરિવારની એક માત્ર વારસદાર, પ્રેમ લગ્ન કરનાર યુવતીને તેના પિતરાઇ ભાઇઓએ ભેગા મળી તેની મિલ્કત મેળવવા સોપારી આપી જેનુ અમદાવાદ શાહઆલમ ખાતે છરીથી ગળુ કાપી ખુન કરનાર મુખ્ય આરોપીને ઝડપી પાડી રહસ્યમય હત્યાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ***

અમદાવાદ શહેરમાં બનેલ ગંભીર પ્રકારના ગુનાઓ શોધી કાઢવા અંગે પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા ડી.સી.પી. શ્રી દીપન ભદ્રન સાહેબ તથા એ.સી.પી. શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે આજ રોજ તા.૨૨/03/૨૦૧૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ તથા તેઓની ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એચ.વી.સીસારા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એ.પી.ચૌધરી તેમજ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમિયાન સ્ટાફના હેડ.કોન્સ. અરુણભાઇ ભગવાનદાસ તથા પો.કોન્સ. દિગ્વીજસિંહ ભુરુભા નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે જુહાપુરા ચાર રસ્તા પાસેથી એક ઇસમ નામે સજ્જાદહુશેન જલાલુદ્દિન શેખ ઉ.વ.30, રહે. હાલ. ઇ, સેક્ટર ઝુપડપટ્ટી, બાલાજી મંદિર પાસે, ચિતા કેમ્પ ટ્રોમબે, નવી મુંબઇ-૪૦૦૦૮૮. મુળ વતન.મસનાભીટા, થાના.ગ્વાલપોખર, ઉત્તર દિનાજપુર, પશ્ચિમ બંગાળ નાનો મળી આવતા જેને પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એચ.વી.સીસારા નાઓએ, તા.૧૨/૦૯/૨૦૧૫ ના રોજ નવાબની ચાલી, જુના ભીલવાસ, શાહઆલમ, દાણીલીમડા, અમદાવાદ શહેર ખાતે રહેતા ફરીયાદી અખ્તરઆલમ શફીકઆલમ શેખની પત્નિ નસરીનબેગમ ડો/ઓ નુરહુસેન શેખ ઉ.વ.૧૯ ની હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવેલ તે યુવતીના ખુન બાબતે શંકા આધારે તેમજ યુક્તિ પ્રયુક્તિથી પુછતા, સદર ઈસમ ભાંગી પડેલ અને આ મરનાર યુવતી નશરીનબાનુ પોતાના કાકાની દિકરી થાય છે. જેનુ ખુન પોતે તથા પોતાના બનેવી મુન્ના રહેમુદ્દિન શેખ નાઓએ મળી કરેલ હોવાની કબુલાત આપતા સદર યુવકની ધરપકડ કરવામાં આવેલ છે.

*બનાવની વિગત :*

બનાવની વિગત એવી છે કે, ફરીયાદીના ભાડાના રહેણાંક મકાનમાં ફરીયાદીના પત્નિ નસરીનબેગમ ડો/ઓ નુરહુસેન શેખ ઉ.વ.૧૯ ને કોઈ અજાણ્યા ઈસમે તા.૧૨/૦૯/૨૦૧૫ ના કલાક ૧૩/30 થી કલાક ૨૨/૧૫ વાગ્યા દરમિયાન ફરીયાદીના મકાનમાં ગેરકાયદેસર રીતે ગૃહપ્રવેશ કરી કોઈ પણ કારણસર ગળાના ભાગે છરીથી જીવલેણ ઈજા કરી મોત નિપજાવી ગુનો કર્યા વિગેરે બાબતે ફરીયાદીએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે તા.૧૩/૦૯/૨૦૧૫ ના રોજ ફરીયાદ આપતા દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૯૨/૧૫ ઈપીકો કલમ ૩૦૨, ૪૫૨, જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબથી ગુનો નોંધાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

*ખુન કરવાનો હેતુ* :

પકડાયેલ આરોપી તથા મરણજનાર યુવતી નશરીનબાનુ બન્ને કાકા-બાપાના ભાઇ-બહેન થાય છે. પકડાયેલ આરોપીના પિતાજી જલાલુદ્દિન શેખ નાઓને ત્રણ ભાઇઓ અલીમુદ્દિન જમીરુદ્દિન શેખ, અબુલહુશેન જમીરુદ્દિન શેખ, નુરહુશેન જમીરુદ્દિન શેખ નાઓ છે જેમાં જલાલુદ્દિન શેખ તથા અલીમુદ્દિન શેખ નાઓ મરણ ગયેલ છે. અને અલીમુદ્દિન શેખને સંતાનમાં બે દિકરા ઇસરાઇલ શેખ તથા ઇસ્માઇલ શેખ છે જેઓ તેમના પરિવાર સાથે વતન ખાતે રહે છે. તેમજ અબુલહુશેન શેખને સંતાનમાં બે દિકરા સુપેતઆલમ શેખ તથા જુબેદઆલમ શેખ છે જેઓ તેમના પરિવાર સાથે વતન ખાતે રહે છે. નુરહુસેન શેખને સંતાનમાં એક દિકરી સિવાય બીજુ કોઇ સંતાન ન હોય અને નુરહુશેન શેખની દિકરી નસરીનબાનુ જેના લગ્ન પકડાયેલ આરોપીના કુવાના દિકરા સાથે કરવાના હતા પરંતુ તેણે આરોપીના પરિવાર જનો વિરુધ્ધમાં જઇ તેની માતા તથા તેના મામાના કહેવાથી ઘરેથી ભાગી આરોપીના ગામના અખ્તરઆલમ શેખ સાથે પ્રેમ લગ્ન કરી લીધેલ હતા. જે બન્ને ભાગી જુના ભીલવાસ, નવાબની ચાલી, શાહઆલમ, અમદાવાદ ખાતે રહેતી હતી. જેથી નુરહુશેનને સંતાનમાં એક જ દિકરી હોય જેઓની તમામ મિલ્કત નસરી--નબાનુ તથા તેના પતિને મળી જાય તેમ હોય જેથી નસરીનબાનુને મારી નાંખી તેના ભાગની તમામ મિલ્કત આરોપીઓને મળી રહે તે ઇરાદે તેમજ તેને મારવા માટે તેના કાકાના દિકરા ઇસરાઇલ અલીમુદ્દિન શેખ તથા સુપેતઆલમ અબુલહુશેન શેખ નાઓએ રૂપીયા ૬૦ હજાર આપેલ હતા. જેથી પકડાયેલ આરોપીએ તેના બનેવી મુન્ના રહેમુદ્દિન શેખ સાથે મળી નશરીનબાનુનુ ખુન કરેલ છે.

*આરોપીઓની વિગત* :

મરનારનુ ખુન કરવા માટે પકડાયેલ આરોપી સજ્જાદહુશેન જલાલુદ્દિન શેખને તેના કાકાના દિકરા ઇસરાઇલ અલીમુદ્દિન શેખ તથા સુપેતઆલમ અબુલહુશેન શેખ નાઓએ રૂપીયા ૬૦ હજાર આપેલ હતા. જેથી આરોપી સજ્જાદહુશેન જલાલુદ્દિન શેખ તથા મુન્ના રહેમુદ્દિન શેખ નાઓએ ભેગા મળી તા.૧૨/૦૯/૨૦૧૫ ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના સમયે મરનારના ઘરે જઇ છરી વડે તેનુ ગળુ કાપી નાંખી તેનુ ખુન કરેલ હોવાની કબુલાત કરેલ છે.

*આરોપી પકડયાની વિગત* :

આજ રોજ તા.૨૨/03/૨૦૧૬ ના રોજ આરોપી સજ્જાદહુશેન જલાલુદ્દિન શેખ અમદાવાદ ખાતે આવેલ હોય અને જુહાપુરા ખાતે રહેતા તેના સસરાના ઘરે જનાર હોય જે મુજબની બાતમી હકિકત મળતા બાતમી હકિકત આધારે પંચો ને સાથે રાખી પોલીસ સબ ઇન્સ શ્રી એચ.વી.સીસારા નાઓએ ટીમના માણસો સાથે જુહાપુરા ચાર રસ્તા ખાતે હાજર રહી વોચ ગોઠવી આરોપીને પકડી પાડેલ છે. જેને આગળની વધુ તપાસ માટે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવનાર છે.

## સને ૨૦૦૯ ની સાલમાં ગાંધીનગર ખાતે થયેલ ખુનના વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલી એક આરોપીને અટક કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી પી.બી.દેસાઇ તથા પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા નાઓની ટીમ પેટ્રોલીંગમાં



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

હતી. દરમ્યાન વાસણા ચાર રસ્તા ખાતે આવતાં પો.કોન્સ. અનવરખાન પીરખાન તથા પો.કો. વિજયસિંહ બળવંતસિંહ નાઓની ચોક્કસ બાતમી આધારે આરોપીઓ (૧) ઝુલ્ફીકાર ઉર્ફે સલીમ ઉર્ફે ટીનું s/o બચુભાઇ ઘાંચી ઉવ.૩૨ ધંધો: મજુરી રહે, ડામરવાળી ચાલી, શાહપુર દરવાજા બહાર, શાહપુર, અમદાવાદ શહેર મુળ વતન ગામ:લાડનું તા.જી.નાગોર, રાજસ્થાન (૨) બીપીન કાંતીભાઇ મારુડા ઉવ.૩૮ ધંધો:રીક્ષા ડ્રાઇવીંગ રહે, મંગલતળાવનાં છાપરાં, સુસ્મીતા ફ્લેટ ની સામે, વાસણા, અમદાવાદ શહેર નાઓને આજરોજ ચોરી અથવા છળકપટથી મેળવેલ એક્ટીવા સાથે સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામાં આવેલ.

ત્યારબાદ આરોપીઓની સઘન પુછપરછ કરતાં આરોપી ઝુલ્ફીકાર ઉર્ફે સલીમ ઉર્ફે ટીનું s/o બચુભાઇ ઘાંચી નાએ જણાવેલ કે, અશોક ઉર્ફે હશિયો ચંદેલ કે જે રણછોડનગર વિભાગ-૩, ચાંદલોડીયા, અમદાવાદ વાળો મારો મિત્ર હોય અને અમો બંન્ને જણાં નાની મોટી સાથે રહી ચોરીઓ કરતા હતા. જે ચોરીના માલ સામાન વેચવામાં બંન્ને વચ્ચે ભેદભાવ થતાં અશોક ઉર્ફે હશિયાએ મને જણાવેલ કે, હું આ ચોરીઓ બાબતે પોલીસમાં જાણ કરી દઇશ તે બાબતે અમારી બંન્ને વચ્ચે બોલાચાલી થયેલ. અને ત્યારબાદ અમારા મિત્ર બીપીન મારુડા નાએ સમાધાન કરાવેલ પરંતુ આ અશોક ઉર્ફે હસિયો ગમે ત્યારે કરેલ ચોરીઓ બાબતે પોલીસમાં જાણ કરી દેશે તેવો મને મનમાં કાયમ ડર રહેતો હતો જેથી મોકો મળે આ અશોક ઉર્ફે હસિયા નું કાસળ કાઢવાનો વિચાર કરી રાખેલ હતો અને તે વિચાર મુજબ સને ૨૦૦૯ ની સાલમાં કાળી ચૌદશ ના દિવસે હું તથા અશોક ઉર્ફે હસિયો તથા બીપીન મારુડા એ રીતેના ત્રણેય જણાં બાઇક ઉપર જાસપુર અડાલજ ખાતે રાત્રીના આશરે નવેક વાગે ગયેલા. ત્યાં જઇ નાસ્તા પાણી કરેલ અને ત્યારબાદ ગાંધીનગર ખાતે ગ-૩ થી ગ-૪ જવાના સિંગલ પટ્ટી રોડની સાઇડમાં પેશાબ કરવા ઉભા રહેલ. અને આ વખતે બીપીન થોડો દુર પેશાબ કરવા ગયેલ તે વખતે મેં મારી પાસેના છરા વડે આ અશોક ઉર્ફે હશિયાને કમર ઉપર ઘા મારવાં લાગેલ જેના કારણે તે નીચે પડી જતાં તેને શરીરનાં જુદા જુદા ભાગો ઉપર ઉપરાઉપરી ઘા મારેલ આ વખતે અશોક ઉર્ફે હસિયાને બચાવવા માટે બીપીન વચ્ચે પડતાં મેં તેને પણ જમણા હાથે એક ઘા મારેલ અને મેં બીપીન ને ધમકી આપેલ કે, છેંટો રહેજે નજીક આવીશ તો તારા પણ આવા હાલ કરીશ. જેથી બીપીન ચુપચાપ ઉભો રહેલ અને મેં મારેલ ઘા ના કારણે અશોક ઉર્ફે હસિયો લોહીલુહાણ થઇ જતાં તે મરણ ગયેલ હોવાનું જણાતાં પોલીસ તથા બીજા ને ગેર માર્ગે દોરવા ના ઇરાદે મેં અશોક ઉર્ફે હસિયા નું પેન્ટ કાઢી નાંખી તેની લાશને અર્ધ નગ્ન કરી નાંખેલ અને આ અશોક ઉર્ફે હસિયો મરણ ગયેલ હોય તેવું જણાતાં હુ તથા બીપીન મારુડા બાઇક લઇ ત્યાંથી નીકળી ગયેલ. અને અશોક ઉર્ફે હસિયાનું ખુન મેં કરેલ હોય અને આ ખુન કરતાં મને બીપીન મારુડા નાએ નજરોનજર જોયેલ હોય જેથી તે કોઇને આ બાબતની જાણ ન કરે તે માટે મેં રસ્તામાં જતાં હતા તે વખતે બીપીન મારુડા ને ધમકી આપેલ કે જો આ વાત કોઇને કરી છે તો તને પણ જાનથી મારી નાંખીશ નું જણાવી મે પેન્ટ તથા છરો કેનાલમાં નાંખી દીધેલ ક્યાં નાંખેલ છે તે મને ખબર નથી વિગેરે હકીકત જણાવેલ. અને આ આરોપી સને ૨૦૦૯ માં ગાંધીનગર ના ઉપરોકત સરનામાવાળી જગ્યાએ ખુન કરેલ હોવાની કબુલાત કરતો હોય જેથી આ બાબતે ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશન ના પોલીસ સ્ટેશન ના રેકર્ડ ખાત્રી કરાવતાં આ ખુન બાબતે ફ.ગુ.ર.નં.૪૩૦/૨૦૦૯ ધી ઇપીકો કલમ ૩૦૨, ૧૧૪ તથા બી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો તા.૧૬/૧૦/૨૦૦૯ ના રોજ દાખલ થયેલ અને આ ગુનાની તપાસ દરમ્યાન મરણજનાર અશોક ઉર્ફે હસિયા ની આજદીન સુધી ઓળખ થયેલ નથી. ઉપરોકત ગુનો આજદીન સુધી વણઓળખાયેલ લાશ વાળો તથા વણ શોધાયેલ રહેલ હતો. આ કામના આરોપીને સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ આરોપી ઝુલ્ફીકાર ઉર્ફે સલીમ ઉર્ફે ટીનું s/o બચુભાઇ ઘાંચી નો અગાઉ પણ અસંખ્ય વાહનચોરીના ગુનામાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ હોવાનું તેની પુછપરછ દરમ્યાન ખુલવા પામેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આરોપી ઝુલ્ફીકાર ઉર્ફે સલીમ નો ગુનાહીત ઇતિહાસ:

આ કામનો આરોપી ઝુલ્ફીકાર ઉર્ફે સલીમ નાએ સને ૨૦૦૫ થી ગુના કરવાની શરૂઆત કરેલ જેમાં તે એલીજબ્રીજ પોલીસ સ્ટેશન માં સને ૨૦૦૬ માં કુલ્લે ૯ વાહનચોરીના ગુનામાં તેમજ વેજલપુર પોલીસ સ્ટેશનમાં સને ૨૦૦૬ માં એક વાહનચોરીના ગુનામાં તેમજ આ આરોપી સને ૨૦૧૨ માં માધુપુરા પોલીસ સ્ટેશન માં એક લુંટ ના ગુનામાં પકડાયેલ છે આમ આ કામનો આરોપી લુંટ તેમજ વાહનચોરી સહિત કુલ્લે ૧૧ ગુનાઓમાં સંડોવાયેલ છે અને આ કામના આરોપીની સને ૨૦૦૬ માં પાસા અટકાયત થયેલ છે. આમ, આ કામના આરોપીનો પુર્વ ઇતિહાસ ખુબ જ ગુનાહીત છે.

**રીઢા ચેઇન સ્નેચરને તોડેલી ચાર ચેઇનો તથા ચેઇનો તોડવા માટે ઉપયોગમાં લીધેલ પલ્સર મોટર સાયકલ સાથે પકડી પાડતી સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ,**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.શ્રી કે.આઈ.મોદી સા.ની ટીમના પો.સ.ઈ.શ્રી વી.કે.ખાંટ નાઓ સ્કોડના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે અગાઉ ચોરી તેમજ લુંટના ગુન્હામાં પકડાયેલ આરોપી પંકજ શંકરલાલ પરમાર ઉ.વ.૩૪, રહે. ગામ: પગારા, જી.ડુંગરપુર, રાજસ્થાન ને ચાર સોનાની ચેઇનો સાથે પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં પકડાયેલ પંકજ પરમારે તેના સાગરીત સાથે મળી અમદાવાદ શહેર તેમજ સુરત તેમજ બાંસવાડા રાજસ્થાન ખાતે અલગ અલગ વિસ્તારોમાંથી દશેક ચેઇન સ્નેચીંગના ગુન્હાઓ આચરેલ છે, જે પૈકી કેટલાક ગુન્હાઓમાં તે અગાઉ પકડાઇ ચુકેલ છે અને જેલમાંથી છુટી આવ્યા બાદ આ પંકજે તેના એક સાગરીત સાથે મળી ફરીથી તેની આ ચેઇન સ્નેચીંગની પ્રવૃત્તિ ચાલુ કરી દિધેલ અને અમદાવાદ શહેરમાંથી પાંચેક જેટલી ચેઇનો તોડેલ અને આ ચેઇનો લઈ વેચવા જતાં પોલીસના હાથે પકડાઇ ગયેલ છે. પકડાયેલ ઇસમની પુછપરછ કરતાં આ પંકજ પરમાર મુળ રાજસ્થાન હોય અને રાજસ્થાન રહેતો હોય સ્પેશ્યલ ચેઇન સ્નેચીંગ કરવા માટે રાજસ્થાન થી પોતાની પલ્સર ૨૨૦ સી.સી.ની બાઇક લઇને આવતો હતો અને અમદાવાદ શહેરમાં ગમે ત્યાં રોકાતો અને અમદાવાદ શહેરમાં ગમે તે વિસ્તારમાં નિકળી પડતો અને કોઇ મહિલા એકલી જતી જણાય તો તેને શિકાર બનાવી તેની ચેઇન તોડી કામ થઈ ગયા બાદ રાજસ્થાન જતો રહેતો હતો. તેમજ આ પંકજ જ્યારે પણ ચેઇન સ્નેચીંગ કરવા માટે નિકળતો ત્યારે પોતાની પલ્સર બાઇક જે રાજસ્થાન પાર્સીગની હોય તેને નંબર પ્લેટ ઉપર ચુનો લગાવી દેતો હતો જેથી કોઇને નંબર દેખાય નહી. અને પોલીસ તેને સહેલાઇથી શોધી શકે નહી.

આ રીતે પકડાયેલ ઇસમે છ માસના સમય ગાળામાં આનંદનગર વિસ્તારમાંથી તેમજ એક દોરો અખબારનગર સર્કલ અન્ડર બ્રિજ પાસે રોડ પરથી એક લેડીઝના ગળામાંથી તેમજ એક દોરો દશ બાર દિવસ પહેલાં બપોરના એકાદ વાગ્યાના અરસામાં વસ્ત્રાપુર વિસ્તારમાંથી સરકારી વસાહતવાળા રોડ પર એક લેડીઝના ગળામાંથી તેમજ એક દોરો આજથી ચારેક માસ પહેલાં બાપુનગર વિસ્તારમાંથી એક કલ્યાણ કેન્દ્ર પાસેથી એક લેડિઝના ગળામાંથી તેમજ આજથી છ એક માસ પહેલાં બપોરના ત્રણેક વાગ્યાના સમયે પાલડી વિસ્તારમાંથી તેમજ આજથી ચાર માસ પહેલા નવરંગપુરા, સ્ટેડીયમની પાસેના રસ્તા પર બપોરના સમયે એક લેડીઝના ગળામાંથી એમ ચાર પાંચ જગ્યાએથી લેડિઝોના ગળામાંથી દોરા તોડેલ હોવાનુ જણાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

હાલમાં તેની પાસેથી ચાર સોનાની ચેઇનો મળી આવેલ હોય અને જે બાબતે વસ્ત્રાપુર, બાપુનગર, વાડજ, આનંદનગર પો.સ્ટે.માં ગુન્હાઓ દાખલ થયેલ છે તેમજ આ સિવાય આ ઇસમે કેટલી ચેઇનો તોડી કોને કોને વેચેલ છે તે બાબતે તપાસ ચાલુ છે તેમજ પકડાયેલ આરોપી ભુતકાળમાં ગંભીર પ્રકારના મિકલત વિરુદ્ધના ગુન્હાઓ આચરી ચુકેલ હોય તેણે લુંટ કે ધાડ જેવા ગુન્હાઓને પણ અંજામ આપેલ હોઇ શકે તેમજ તેના અન્ય સાગરીતો પણ અમદાવાદ શહેરમાં કોઇ ગુપ્ત સ્થળે છુપાઇ રહેલ હોવાની શક્યતાઓ નકારી શકાય નહી જેથી આ દિશામાં પણ તપાસ ચાલુ છે.

પકડાયેલ આરોપીનો તેમજ તેના સાગરીતોનો પુર્વ ઇતિહાસ જોતાં તેઓએ આજદિન સુધી આશરે પચ્ચાસથી વધુ ચેઇન સ્નેચીંગ તેમજ દશ થી વધુ વાહન ચોરી તેમજ ધાડ તેમજ લુંટ જેવા ગંભીર પ્રકારના ગુન્હાઓ આચરેલ હોવાનુ જણાયેલ છે જેથી આ પકડાયેલ આરોપીએ આ સિવાય અન્ય કેટલા ગુન્હાઓને અંજામ આપેલ છે તે દિશામાં ક્રાઇમ બ્રાંચ તપાસ ચલાવી રહેલ છે. ઘણા ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)